લાસ્ટ પે સર્ટીફિકેટ તથા ફોર્મ – ૨૨ માં
પ્રતિ–હસ્તાક્ષર બાબત.

ગુજરાત સરકાર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
**પરિપત્ર ક્રમાંક : OW/PSN/LPC/2025/1997**
ડૉ. જે.એમ.ભવન, ગુ.રા., ગાંધીનગર.
તા. ૨૮/૦૫/૨૦૨૫.

**પરિપત્ર:**

અત્રેની કચેરીની પેન્શન શાખા દ્વારા વર્ષ : ૨૦૨૫ માં નિવૃત્ત થતાં બિન સરકારી અનુદાનિત કોલેજો (તમામ), ગ્રામ વિદ્યાપીઠો અને યુનિવર્સિટીઓનાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ માટે પેન્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વર્ષ : ૨૦૨૫ માં નિવૃત્ત થતાં કર્મચારીશ્રીઓના પેન્શન કેસોની કેમ્પના સ્થળે ચકાસણી કરી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, બ્લોક નં. ૧૮, ડૉ. જે.એમ.ભવન, ગુ.રા., ગાંધીનગર ખાતે મંજૂરી અર્થે મોકલી આપેલ હતા.

ઉક્ત મુજબના જે કર્મચારીશ્રીઓ તા. ૧૪/૦૬/૨૦૨૫ ના રોજ વય નિવૃત્ત થવાના હોય અને જેઓના પેન્શન કેસ મંજૂર થઈને આવેલા હોય તેવા કર્મચારીશ્રીઓના લાસ્ટ પે સર્ટીફિકેટ તથા ફોર્મ – ૨૨ માં અત્રેની કચેરીના પ્રતિ–હસ્તાક્ષર કરાવાના થાય છે. ત્યારબાદ જ લાગું પડતી તિજોરી ખાતેથી પેન્શનરી લાભો મેળવી શકશે.

જેથી જે કર્મચારીશ્રીઓ તા. ૧૪/૦૬/૨૦૨૫ ના રોજ વય નિવૃત્ત થવાના હોય અને જેઓના પેન્શન કેસ મંજૂર થઈને આવેલા હોય તેવા કર્મચારીશ્રીઓના લાસ્ટ પે સર્ટીફિકેટ તથા ફોર્મ – ૨૨ આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ તૈયાર કરી તા. ૧૬/૦૬/૨૦૨૫ તથા તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ સ્થળે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે. જેથી નિવૃત્ત થનાર કર્મચારીશ્રીઓને પેન્શન મળવામાં વિલંબ નિવારી શકાય.

- **સ્થળ: ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, બ્લોક નં. ૧૨, ત્રીજો માળ, ડૉ. જે.એમ.ભવન, ગુ.રા., ગાંધીનગર.**

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ
આચાર્યશ્રી/રજિસ્ટ્રારશ્રી,
બિન સરકારી અનિદાનિત કોલેજો, ગ્રામ વિદ્યાપીઠો અને યુનિવર્સિટીઓ (તમામ).

| પ્રતિ હસ્તાક્ષર કરવા અંગે રજૂ કરવાના થતાં દસ્તાવેજો | | |
|---|---|---|
| ક્રમ | રજૂ કરવાના થતાં દસ્તાવેજો | પેજ નં. |
| ૧ | લાસ્ટ પે સર્ટીફિકેટ. | |
| ૨ | નિયત નમૂના મુજબનું ફોર્મ – ૨૨. | |
| ૩ | કોઈ ઘટના ના બની હોય તે અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર. | |
| ૪ | પી.પી.ઓ. (ફોર્મ – ૧૦) (પ્રમાણિત નકલ) | |
| ૫ | સંસ્થાનું ફોરવર્ડિંગ | |

**નોંધ :** ઉક્ત તમામ દસ્તાવેજો અસલમાં બે (૨) નકલમાં તૈયાર કરી રજૂ કરવા.